GJBK040047732024

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ | ૩૧/૧૨/૨૦૨૧ | | |
| કેસ દાખલ તારીખ | ૧૫/૦૨/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૨૩–૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૧ | ૦૮ |

## ડીસાના મહેરબાન બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ ની કોર્ટમાં, મુકામ – ડીસા

**આંક..૧૬.**

**ફરીયાદી :– શ્રી સરકાર**
**(ડીસા રૂરલ પાર્ટ– એ. ૦૭૦૭/૨૦૨૪ )**

**વિરૂધ્ધ**

**આરોપી :– સોહનસીંગ પ્રભાતસિંગ સોલંકી,**
ઉ.વ.૩૩, ધંધો–ખેતી,
રહે. બુરાલ, તા.ડીસા, જી.બનાસકાંઠા.

**તહોમત :– ઈ.પી.કો. કલમ– ૩૮૪ તથા ગુજરાત મની લેન્ડરી એકટ કલમ–૪૨(એ), ૪૨(ડી), ૪૦ મુજબ.**

==================================
**રજુઆત** શ્રી સરકાર તરફે :–વિ.વ.એ.પી.પી.શ્રી એસ.બી. ગૌસ્વામી
આરોપી તરફે :– વિ.વ.શ્રી એન.એસ. માજીરાણા।
==================================

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ , | ૧૦–૦૪–૨૦૨૩ |
| એફ.આઈ.આર. ની તારીખ, | ૧૮–૦૭–૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ , | ૦૪–૦૯–૨૦૨૪ |
| તહોમતનામું ફરમાવ્યાની તારીખ , | ૦૧–૧૦–૨૦૨૫ |
| પુરાવો શરૂઆતની તારીખ , | ૧૦–૧૧–૨૦૨૫ |

| | |
|---|---|
| ચુકાદો બાકી રાખ્યાની તારીખ , | -- |
| **ચુકાદો રાખ્યાની તારીખ ,** | **૨૩-૦૩-૨૦૨૬** |
| સજાની હુકમની તારીખ જો હોય તો , | |

**આરોપીઓની વિગત**

| **આરોપીનો દરજ્જો** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર છુટયાની તારીખ** | **નોધાયેલ ગુનાની કલમ-** | **નિર્દોષ કે દોષિત** | **સજા ફરમાવવામાં આવી** | **ક્રિમી. પ્રો. કોડની કલમ- ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયતનો સમય ગાળો.** |
|---|---|---|---|---|---|---|---|
| - | **સોહનસીંગ પ્રભાત સિંગ સોલંકી,** | ૩૧/૭/ ૨૦૨૪ | ૩૧/૭/ ૨૦૨૪ | ઈ.પી.કો. કલમ- ૩૮૪ તથા ગુજરાત મની લેન્ડરી એકટ કલમ-૪૨(એ), ૪૨(ડી), ૪૦ | નિર્દોષ | - | - |

**-:: ચુ કા દો ::-**

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત:-**

સદર કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના

આરોપી તા. ૧૦/૪/૨૦૨૩ ના રોજ કલાક ૧૦:૦૦ વાગ્યે બુરાલ મુકામે તહોમતદાર પાસેથી ફરીયાદીએ પોતાની દિકરાની સારવાર અર્થે રૂા. ૫૦૦૦/– લીધેલા. જે ફરીયાદીએ તહોમતદારને દર મહીને રૂા. ૫૦૦/– લેખે તા. ૩૦–૪–૨૦૨૪ સુધી રૂા. ૬,૦૦૦/– આપી દીધેલા છતાં વારંવાર મુડી સાથે ૧૦% વ્યાજની ઉઘરાણી કરી ફરીયાદીને માનસિંક ત્રાસ આપી, ઈ.પી.કો. કલમ– ૩૮૪ તથા ગુજરાત મની લેન્ડરી એકટ કલમ–૪૨(એ), ૪૨(ડી), ૪૦ , મુજબનો ગુનો આચરેલ હોવાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

## (૨) <u>અદાલતે અનુસરેલી કાર્યવાહી:–</u>

**(૨.૧)** સદર કામે ગુના સબબ આરોપી સામે પ્રોસેસ ઈશ્યુ કરવામાં આવતાં આરોપીઓ હાજર થતાં ક્રિમી. પ્રોસીજર કોડની કલમ– ૨૦૭ અન્વયે આરોપીને ચાર્જશીટની નકલો પુરી પાડવામાં આવેલ અને આરોપી સામે આંક– ૭ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક ૮ થી આરોપીની પ્લી લેતાં તેમણે ગુનો કબુલ ન હોવાનું અને કેસ આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

## (૩) <u>ફરીયાદપક્ષ તરફથી રજુ કરાયેલ મૌખિક પુરાવાઓ:–</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી –જેશળસીંગ પીરસીંગ દરબાર | ૧૩ |

## (૩.૧) <u>ફરીયાદપક્ષ તરફથી રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓ:–</u>

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદની ખરી નકલ | ૧૪ |

(૪) આ કામે વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતી કલોઝીંગ પુરસીસ આંક– ૧૫ થી રજુ છે.

(૫) ફરિયાદપક્ષના પુરાવાના અંતે આ કામના આરોપીઓનું ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો પડતો ના હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તેમજ આરોપીઓ તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી તા. ૧૦/૪/૨૦૨૩ ના રોજ કલાક ૧૦:૦૦ વાગ્યે બુરાલ મુકામે તહોમતદાર પાસેથી ફરીયાદીએ પોતાની દિકરાની સારવાર અર્થે રૂા. ૫૦૦૦/– લીધેલા. જે ફરીયાદીએ તહોમતદારને દર મહીને રૂા. ૫૦૦/– લેખે તા. ૩૦–૪–૨૦૨૪ સુધી રૂા. ૬,૦૦૦/– આપી દીધેલા છતાં વારંવાર મુડી સાથે ૧૦% વ્યાજની ઉઘરાણી કરી ફરીયાદીને માનસિંક ત્રાસ આપી, ઈ.પી.કો. કલમ– ૩૮૪ તથા ગુજરાત મની લેન્ડરી એકટ કલમ–૪૨(એ), ૪૨(ડી), ૪૦ , મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના હવે પછી તુરંત ચર્ચા કર્યાનાં આધારે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**// નિર્ણય અંગેના કારણો //**

- **મુદા નં.૧, ૨:-**

(૮) ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ, ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. એટલું જ નહિં, ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપો સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવાના રહે છે જેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવાનો રહે છે અને તે પણ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે.

**ફરીયાદી નો પુરાવો :-**

(૯) ફરીયાદપક્ષના ફરીયાદી જેશળસિંગ પીરસીંગ દરબારને આંક- ૧૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ આ કામના આરોપીને ઓળખે છે. તેઓ મારા કાકાના દિકરા થાય છે. તેઓ પાસેથી તેઓએ તેમના દિકરાની સારવાર માટે રૂા. ૫૦૦૦/- ઉછીના લીધેલા અને તે રકમ તેઓએ પરત કરી દીધેલ છે. પરંતુ આવેશમાં આવીને લોકોના કહેવાથી તેઓએ ફરીયાદ આપેલી. તેઓએ ફરીયાદની ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં ફરીયાદી તરીકે તેમના અંગુઠાનો નિશાન છે જે ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક-૧૪ થી રજુ છે.

આ કામે ફરીયાદી તેમની ફરીયાદને સમર્થન કરતો પુરાવો આપતા ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો પુરાવો આ કામે રજુ થયેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેઓને કોઈ વ્યાજ માટે કોઈ પઠાણી ઉઘરાણી કરેલ નથી. આરોપીઓએ તેઓને કોઈ માનસિક ત્રાસ આપેલ નથી. લોકોના કહેવાથી ફરીયાદ આપેલી.

મુલ્યાંકન :-

(૧૫) સદરહુ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતા, આ કામે ફરીયાદી જેશળસિંગ પીરસીગ દરબારનો પુરાવો આંક- ૧૩ થી નોંધાયેલ છે. તેઓએ ફરીયાદને સમર્થન કરતો પુરાવો આ કામે રજુ કરેલ નથી. આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ તે જોતાં તેમાં તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ કોઈ વ્યાજ માટે પઠાણી ઉઘરાણી કરેલ નથી. આરોપીઓએ તેમને કોઈ માનસિંક ત્રાસ આપેલ નથી. લોકોના કહેવાથી ફરીયાદ આપેલી. આમ, ફરીયાદીનો પુરાવો જોતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતો પુરાવો આ કામે રજુ થયેલ નથી. તેથી ફરીયાદીની પુરાવો ફરીયાદક્ષ પક્ષના કેસને સમર્થન કરતો નથી.

**(૨૩)** આમ, ઉપરોકત કરેલ ચર્ચાની વિગત ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ આ કામના આરોપી તા. ૧૦/૪/૨૦૨૩ ના રોજ કલાક ૧ ૦:૦૦ વાગ્યે પઠાણી ઉઘરાણી કરી ફરીયાદીને માનસિંક ત્રાસ આપેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદીના પુરાવામાંથી પુરવાર થતી નથી. ઈ.પી.કો. કલમ- **૩૮૪ તથા ગુજરાત મની લેન્ડરી એકટ કલમ-૪૨(એ), ૪૨(ડી),**

**૪૦ ,** મુજબનો ગુનો નિ:શકપણે પુરવાર કરી શકેલ નથી. જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** આ કામના આરોપી સોહનસીંગ પ્રભાતસિંગ સોલંકી, ઉ.વ.૩૩, રહે. બુરાલ, તા.ડીસા, જી.બનાસકાંઠા નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) હેઠળ ઈ.પી.કો. કલમ– ૩૮૪ તથા ગુજરાત મની લેન્ડરી એકટ કલમ–૪ર(એ), ૪ર(ડી), ૪૦ મુજબના ગુનામાં થી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ– ૪૩૭(એ) અન્વયે ટ્રાયલ દરમિયાન રજુ કરેલ જમીન તથા જાત મુચરકો અપીલ સમય સુધી ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.ડીસા,
તા. ૨૩/૩/૨૦૨૬.

**( આર.કે. તંવર )**
બીજા એડી.ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ
ડીસા
(કોડ નં.જીજે.૧૩૩૫)